कोलेरा दुःखदर्शक गायनो.

રચનાર.

ઊજમશી બાવાભાઇ ખંધાર

રહેવાશી લીંબડીવાળા.

જામનગર બ્રાંચ નંબર ૧ લાના મેહેતાજી.

દોહરો.

સુખકરણ દુઃખ હરણ તું, શરણ રાખ શિરતાજ;
ધરણપતિ હે સદ્ગતી, નિશ્ચે ઇશ નિવાજ.

પ્રસિદ્ધ કરનાર.

મહેતા ભગવાનજી શવજી

તથા

મહેતા ઉકચંદ જેઠા

રહેવાશી જામનગરના.

આવૃત્તિ પહેલી.

પ્રત ૧૦૦૦

સન ૧૮૮૮.—સંવત ૧૯૪૫ હાલારી.

કિંમત સવા આનો.

[illegible]

પ્રસ્તાવના.

હાલમાં આપણા સોરાષ્ટ્રમાં દુષ્ટ કોલેરાએ (કોગળી-આ) જે અતિ ઘણો કેર ગુજારી સેંકડો મનુષ્યોનાં પ્રાણ લીધા તેનો ઘણોખરો ચિતાર આ દુઃખદાય સાલની સ્મૃતિ માટે આ લઘુ પુસ્તક સરળ અને અસરકારક રાગોમાં બનાવતાં જથાબંધ લોકોને પ્રીય લાગવાથી તેઓમાંના કેટલાક મિત્રોની મરજી ઉપરથી તેઓને બહાર પાડવા છુટ આપતાં તેઓએ બાહાર પાડયું છે.

જો કે આ પુસ્તક વિશેષે કરી જામનગરમાં તે દુષ્ટ રોગે લાંબી મુદત સુધી પોતાનું દૈત્યરૂપે વિક્રાળપણું બતાવી પોતાની લોહીની તરસી તલવારને અજમાવી મનુષ્ય કત્તલ ચલાવી તેનો આબેહુબ ચીતાર બતાવેછે તોપણ તે આખા સૌરાષ્ટ્રને લાગુ પડેછે.

ઊજમસી બાવા ખંધાર રહેવાશી લીંબડીના.

બ્રાંચ. નંબર પહેલાના મેહેતાજી નવાનગર.

આ દુઃખદ કાળરૂપી અસુરતા જુલમથી જખમી થયેલ બાળવિયોગી માબાપનો, અને પતિ, વિયોગી પત્નિનો, તથા રાંડી પડેલ રાંક ઓરતોના વિલાપનો તેમના વર્તમાન અને ભવિષ્યના દુઃખ સહિત ચિતાર મિસ્તર ઊજમસીએ અચ્છી તરેહથી આપેલ છે. વળી તે સાથે તેઓને શાંત પાડવાનું તથા પરમેશ્વરની કુદરતને શરણુ થવા સુચવ્યું છે.

આખર આ દુખદાઈ જનોને ઉપાડી લોકોને આરામ આપવા પ્રભુ પ્રાર્થના બહુ પ્રેમપૂર્વક તેઓએ કરી છે જેની વિગતવાર તપસીલ તપાસતાં અમોએ તે ઘણી અસરકારક અને રસીક માલમ પડવાથી બાહાર પાડવા રજા માગી પ્રસિદ્ધ કરી છે.

ભૂલચૂક સુજ્ઞ સજ્જનો સુધારશે.

મહેતા ભગવાન સવજી.
મહેતા ઉકચંદ જેઠા. } **રહેવાશી જામનગર.**

कवित.

दीनके दयाल राम दुख के हरण शाम,
मैंतो पर्यो पाय पाप भर्यो पींड पूर हैं;
आशर तीहारो ओर नाहि कोइ प्यारो मोहे,
लज्जा नाथ तेरे हाथ तामें नांहें कूर हैं;
प्रल्हाद हुकी टेक जैसें ध्रुजुको पानी रख्यो,
भक्तनकी सार लीनी कर्यो दुख चूर हैं;
मेरो हाम दाम प्रभु मेरो प्राण धार तुंहीं,
उजमसी तार हाथ जोडकें हजूर हैं. ॥ १ ॥

कोलेरा दुःखदर्शक गा ना.

મંગળાચરણ.

ગજલ (દાદરાની).

જગ્ત નિયંતા નાથ, જોડી હાથ વંદીએ,
વિજય ભારથ ભૂમીને, દેનાર વંદીએ; જગ્ત નિયંતા.
દે સુમત દાતાર, દુષ્ટ ફંદ છંડીએ,
દીન નાથ દુઃખ દાસના નિકંદીએ; જગ્ત નિયંતા.
દુઃખ ભર્યો સંસાર પ્રભુ, પાર કીજીએ,
પડયાછી ચર્ણું રાખ શર્ણું, શુદ્ધ લીજીએ; જગ્ત નિયંતા.

રાગ ઓસારણી.

(જીનકા બતન કર્બલાહેં, શાહેઆલે નબી મુસ્તફાહેંરે,
વાયવોયરે જીનકા બત્તન કર્બલાહેં એ ઢબ.

કેર કીધો કોલેરાએ કાળો, નાથ આ શું કીધો તેંય.
સારો રે હાયહાય કેર કીધો, કોલેરાયે કાળો, ટેક
ચઢયો કોલેરા કાળ ક્રોધ આણી બેવાર,
મુના મુંબઇ કીધાં છે ધુડધાણીરે; હાયહાય કેર—૧
શે'ર સુરત બડોદાય બંકા,
તોડી દીધાં અમદાવાદ ડંકારે; હાયહાય—૨
ભાવનગર ગોંડલ ગઢજુના,
હાલ બુરા કીધા છે બંધુનારે; હાયહાય—૩

જામનગરમાં જુદ્ધ આવી કીધું,
ગરીબ ગુરબાને દુખ બહુ દીધુંરે; હાયહાય—૪
બાળ બુઢા જુવાન નર નારી,
કીધાં કત્તલ નિશાણુ બાણુ મારીરે; હાયહાય—૫
માત પીત પુતર હીણુ કીધાં,
માર પાળી રગત લાલ પીધાંરે; હાયહાય—૬
મોડ બંધાંને કીધાં ગશાણી,
ભોગ દીધો તેં માતા ભવાનીરે; હાયહાય—૭
જાણ્યું શ્રાવણુ આવેને થાય શાંતી,
દીઠી ખપ્પર ભરીરે માંસ ખાતીરે; હાયહાય—૮
ઉંચી મેડીયું ઉજડ કરી દીધી,
કૈક કન્યાઓ બાળ રાંડ કીધીરે; હાયહાય—૯
કૈક ચાલી માતા બાળ મેલી,
વાર કરોરે નાથ હવે વેલીરે; હાયહાય—૧૦
કરતી કલ્પાંત પુતરનો ગાડી,
સુણી દુન્યાની નર્મ પડી નાડીરે; હાયહાય—૧૧
સાંજે રાંધું શું નાથ કહો સાચું,
રાંડ બોલમાંને જીવવાનું કાચુંરે; હાયહાય—૧૨
બ્રાહ્મણુ બેઠા પૂજારે પાઠ માંડી,
ઘરમાં રવે છે પુત્રને માડીરે; હાયહાય—૧૩
વૈદ્ય બેઠાં કપાળ હાથ માંડી,
કઈએ કોને ઘરમાંય બાળરાંડીરે; હાયહાય—૧૪
વાટ ઘાટે બજાર બા'ર વાડી,

દાટ વાળે સવાર સાંજ દાડી; હાયહાય—૧૫
ભૂત ભાગ્યાં ઉજ્જેણુ શે'ર છોડી,
સુણી નગરનો જંગ આવ્યા દોડીરે; હાયહાય—૧૬
જોયું મશાણુ નગરનુંજ જાગ્યું,
કર્યું આસન ગળેછે મન માગ્યુંરે; હાયહાય—૧૭
માગ્યું મોઢે તે લાવીને દીધું,
ઓલ્યા ભંગીઆને સાકરનું સીધુંરે; હાયહાય—૧૮
જોશી બાવા જટા નખ ધારી,
ભેખ લીધો તેં ભુંડા ઉતારીરે; હાયહાય—૧૯
હાય ઉખળ્યાં કરમના કાળાં,
ઘણા ઘરને દેવાણા છે તાળાંરે; હાયહાય—૨૦
હવે જાશું નગર દેહ છોડી,
પ્રભુ રહેવા દેશે ન વાર થોડીરે; હાયહાય—૨૧
સુણો ત્યાં ત્યાં સમાચાર શોકના,
પલ પલમાં પુકાર એની પોકનારે; હાયહાય—૨૨
બલ! ભુંડાં ચરણુમાં તમારી,
લોક વાળી તોબાની હવે તાળીરે; હાયહાય—૨૩
ભાઈ રોયે તે નથી રહેવાનું,
જન્મ થયોછે તેતો જવાનુંરે; હાયહાય—૨૪
કોઈ આજ કાલ પાંચ પચાસી,
આખર થાવું જંગલખાખ વાસીરે; હાયહાય—૨૫
પ્રભુ ભજો મટે કાળ ફાંસી,
શોકછોડો નગરના નિવાસીરે; હાયહાય—૨૬

નાથ વારે ચડો મેહેર આણી,
અર્જ ઉજમસીની દીન વાણીરે; હાયહાય—૨૭
સુદ ભાદ્રુની પંચમી તીથી,
સંવત ઓગણી પિસ્તાળીની મીતીરે; હાયહાય—૨૮

રાગ (બનજારાનો.)

નાથ લીઓ હવે ઉગારી,
કેરકરે કાલેરા ભારી;
તેગ ખેંચીને થયો દીવાનો, હૈયે હરખ લોહી પીવાનો;
જોઇ જામનગર ગુલઝારી, કેરકરે કાલેરાભારી. નાથલીઓ.—૧
હણ્યા જુવાન બુઢા બાળા,
ભલભલા જે નજરે ભાળ્યા;
દીધાં દાગ કલેજે કારી, કેરકરે—૨
આશા ભર્યા કરે અરરાટી,
છાતી જાય જનોની ફાટી;
આંધી આવી શું અણધારી, કેરકરે—૩
ચોક ચૌટાને વાટે ધાટે,
દોડે વૈદ બુલાવા માટે;
વૈદ બેઠાછે વસ્ત્ર ઉતારી, કેરકરે—૪
જાય આભડવા નર નારી,
ઘેર બાળ રૂએછે પુકારી;
જીયાં જુવો તીયાં લાચારી, કેરકરે—૫
નાઇ આવે ઘેર જન જ્યારે,

બીજું શબ દેખેછે ત્યારે;
એમ એક પછે એક જારી, કેરકરે—૬
તાણી મુડદાં ગયાછે થાકી,
નથી રહી હવે કાંઇ બાકી;
હવે મે'ર કરોને મોરારી, કેરકરે—૭
બાપ્યાપંથી અને પરદેશી,
નવ જુવાન બાળે વેશી;
તીર માર્યાછે અંતરિઆળી, કેરકરે—૮
નોતું સ્વપ્ને દીઠું દુઃખ,
વેઠ્યું અતિ ઘણું રે આ સુખ;
લીધાં તેગ ધારે સંહારી, કેરકરે—૯
કૈક રાંડી બાળાપણુમાં,
જેને ખબર નથી કાંઈ મનમાં;
નથી વાંક એ બાળબિચારી, કેરકરે—૧૦
નાત જાતમાં જપ્તી કીધી,
સુંદર કાયાઓ ભરખી લીધી;
દયાહીણ ન આવી ડકારી, કેરકરે—૧૧
માત પીતા થયાં રઘવાયાં,
જેનાં જુવાન બાળક ચાલ્યાં;
પલ વીતે અતી દુઃખીઆરી, કેરકરે—૧૨
આ તે જંગ છે માતા ભવાની!!!
નકી વેળાછે પ્રલે થવાની;
કંપે થરથર દેહ અમારી, કેરકરે—૧૩

લલિતછંદ.

અરજ ઊરમાં આણીને પ્રભુ, દરદ દૈત્યને વારરે વિભુ;
ઉજડરે કર્યાં કૈંક ધામરે, થરર કંપીએ છોડી હામરે. ૧
તન સઉ તણે ત્રાસ ત્રાસરે, કરગરી અમે દીનદાસરે;
તનુજ તાહરા નાથ ટળવળે, બહુ બુરી થઈ તેહની વલે. ૨
અરરર દુઃખનો નાવ્યો પારરે, જગતના પતિ તું ઉગારરે;
સખત રોગના વાય વાયછે, ચપટિવારમાં પ્રાણ જાયછે. ૩
હૃદય રોઈને ફાટીરે ગયાં, તરૂણ બાળકો ચાલતાં થયાં;
કઠણ આ સમો માત તાતનો, સમજરે નથી નાથ વાતનો. ૪
નલિન મે'લમાં મોજ માણતાં, તનક દુઃખને ના પિછાણતાં;
પલકમાં પ્રભુ! પાર પોંચીયાં, નવલ નારનાં સુખતો ગયાં. ૫
તરફડે તનો જેમ માછલી, ધરણ ઉપરે થાય વ્યાકળી;
પ્રલયકાળ આ આવીયો રખે!!! ખલક ખળખળી દર્દના દખે. ૬
પરમઇશરે જગતના ધણી, દુઃખદ દુષ્ટને કાઢરે હણી;
ઉજમસીયની દીન વિનતિ, ચરણમાં પડ્યા ટાળ વિપત્તિ. ૭

ચોપાઇ.

(સુંદર કામદારની ઢબની)

જે નર સ્ત્રીય વિના થઈ ગયા,
દશાજોઇ આવે દીલદયા;
પૂરણ પ્રગટ્યાં ભવનાં પાપ,
સુણતાં ઉપજે અતિ સંતાપ. ૧

જે નરો સ્ત્રી વિયોગી થયા તેઓનો વિલાપ.

(કુંવરી કુંવર મારા લાડકાં એ રાહ)

ભક્ત વત્સળ અમે કયાં જઇએ ?
કઇએ કોને આ દુઃખ કળકળે છે ઘેર બાળકો,
કેમ ઉપજેરે સુખ! ભક્ત વત્સળ અમે કયાં જઈએ. ૧
ત્રીયા તજી થઇ ચાલતી, ઉજડ કરીને અવાસ;
બાળ બિચારાં પૂકારતાં, રોઇ મૂકે નીસાસ. ભક્ત. ૨
બાળ રૂવે તેની માતને, અમે રોઇએ છી બાળ;
હાલ બુરા શું ગરીબના, કેમ લેશું સંભાળ. ભક્ત. ૩
ગર્થ ગાંઠે તો રહ્યું નથી, રળવા નાહીં જવાય;
બેઠાં શું ખાશે બાળકો! મુઝાણા મન માંય. ભક્ત. ૪
બ્રેહ અગન તન ઝાળનો, નથી મનમાં વિચાર;
પાપ પૂરણ કરી પ્રગટીઆ, સુનો લાગે સંસાર. ભક્ત. ૫
સુનાં શહેર હાટ વાડીઓ, સુના ઘર ને બજાર;
સુની કાયા શુદ્ધ બુદ્ધ છે, સર્વે છે સુનકાર. ભક્ત. ૬
રોઇ રોઈ આંખો રાતી થઇ, હૈયાફૂટ હેરાન;
મરીએ હવે વીખ ખાઈને, પ્યારા તાગીએ પ્રાણ. ભક્ત. ૭

રાગ ધનાશ્રી.

(વિનતિ ધરજો ધ્યાન) એ રાગ.

ભલું કરે ભગવાન, દુઃખી જનો ભલું કરે ભગવાન. ટેક
કષ્ટ કાળે મન હીંમત રાખી,
સમરણ કરી લીઓ રામ. દુઃખીજનો—૧
જીવતો હોય સુખ પામે કદી પણ,

ધન તન સુંદર ધામ. દુઃખીજનો—૨
દાસ ઉજમસી અર્જ કરે છે,
આપો પ્રભુ આરામ. દુખીજનો—૩

રંડાએલ.
સ્ત્રીઓનો વિલાપ.

(ગોપીચંદ વીરા જોગી હુવોરે કીણે કારણે એ ઢળ)
અધીક ધીક ધીકાર છે, કોગળીઆ તુજને!
અધીક ધીક ધીકાર છે. ટેક
બુરા હાલ બીચારીનાંયરે, રાંડી બાળે વેશ;
રોજ બળાપો રાંકનેયરે, કાળા જેના કેશરે.
કોગળીઆ તુજને—અધીક.

[ભેખરે ઉતારો રાજા ભરથરી એ રાગ]
જાત અનાથ અબળા નારીઓ, પ્રભુદીન દયાળજી,
દેશરે ઉજાડે ઘાતક દૈત્ય આ, દુષ્ટ કોલેરા કાળજી. જાત-૧
પાપ પુરણ અમે શું કર્યો, પૂરવ ભવમાં પરમેશજી;
રાંક ઉપર રીસ રામની, હોય નહીંરે હમેશજી. જાત—૨
ફિટ ફિટ ફિટ ફીટકારછે, લીધાં પીયુના પ્રાણજી;
અસુર દયાહીણુ ફીટ છે, માર્યા મોતનાં બાણજી. જાત—૩
મનુષ આહારી આ દેશમાં, દુષ્ટ કીધાં તેં કર્મજી;
અનલ જમાવ્યો અવની ઉપરે, આડાં આવ્યાં ન ધર્મજી. જાત.૪
નાથરે વિના દશા નારીની, નિર્દય નજરે નીહાળજી;

પાપ પ્રભુ તારા પૂછશે, પાપી કાળ કરાળજી. જાત—૫
પીયુ વિનારે પત્ની પાપણી, અપશુકની કહેવાયજી;
ચંદ્ર વિનારે જેવી જાગિની, દુઃખ કેમરે સેવાયજી.જાત—૬
સુનાંરે મંદીર સુનાં માળ છે, સુનાં સર્વે સીંગારજી;
સુનાંરે નગર શેહેર છોડીને, વસીએ વનમોજારજી.જાત—૭
વનમાં વસે વાઘ દીપડા, સિંહ, નાર, અપારજી;
ભલેરે ભક્ષણ કરે ભાવથી, પાપી છુટે અવતારજી.જાત—૮
પણ દુઃખ બીજાંરે અનેક છે, પેટ નાનાંછે બાળજી;
પોપણ હાર પાછા ફર્યા, તનમાં સળગેછે ઝાળજી.જાત—૯

(નીરભર્યોરે થારાનેનમેં એરાગ).

નીત્ય બાળેરે રંડાપો રાંડને !
ધીકાર જનમ આ. નીત્ય—ટેક.

જો સજીએ શણગાર શરીરે, નાર છીનાળ કહેવાય;
નાત જાતમાં સુંદર ગીતો, હવે નહીં ગવાયરે.
ધીકાર જનગ આ નીત્ય—૧

સરખી મળે સાહેલીઓજરે, જળ ભરવાને જાય
તાળી દેતી તાનમાંજરે, આ તન લાગે લાયરે.
ધીકકાર જનમ આ નીત્ય—૨

નફ્ટ રંડાપા નામ તાયરૂં, સુણતાં કંપે કાય;
હાય નસીબે કીયાં લખ્યો’તો, ચેન નથી મન માંયરે.
ધીકકાર-જનમ આ નીત્ય—૩

(રાગ ધનાશ્રી.)

(વિનતિ ધરજો ધ્યાન એ રાગ)

વધુ કરો ન વિલાપ—વિધવાઓ વધુ કરો ન વિલાપ એ ટેક.
દુઃખ સમે જગદીશ સંભારો, ટાળે તન સંતાપ;
વિધવાઓ વધુ કરો ન વિલાપ—૧
કર્મે લખ્યું સુખ દુઃખ મટે નહીં, સીદ કરો પરિતાપ,
વિધવાઓ—૨
દર્દ વધે દીલગીર થવાથી, ભાવી ઉપાડો આપ?
વિધવાઓ—૩
સાત જનમ દુઃખ આતમ ઘાતી, અતિ ઘણું છે પાપ;
વિધવાઓ—૪
ઉજમસી અરદાજ કરે પ્રભુ, કષ્ટ હણી સુખ થાપ;
વિધવાઓ—૫

પ્રભુ પ્રાર્થના (ચાબકા)

[શેઠ સગાળશા સાધુને સેવે]

(એ ઢળ)

લીઓ દુઃખ બાજી સંકેલીરે,
પ્રભુ બુડતાના બેલી. એ ટેક.
વાળાથી અમે વાજ આવ્યાંતાં,
કાળે પડાવીરે ફાળ.
દુખ સાગરમાં ઝુંપો દીએ આ
કોલેરા કાળ કરાળ લીઓ દુઃખ—૧

નાં મોજાં મારશે અમને,
શ્ર હતાં રે નિરાસ;
વાયે અચાનક આવી ઉપડયાં.
ત્રાસને માથે ત્રાસ. લીઓ દુઃખ—૨
કેક બાળ કળકળતાં કીધાં,
નારીને અડવેરે વશ;
પુરૂષ આંખે પાણીડાં ઝરે,
ચેન નથી લવલેશ. લીઓ દુઃખ—૩
ધન ગયાં સુખ તન ગયાંને,
ગયાં ગુલાબી બાળ;
ધન તન સોંતી લીજત સર્વે,
ખાઇ થયારે ખુવાર, લીઓ દુઃખ—૪
રત્ત રતન રોળી નાંખ્યાં,
મોકમ મો માર;
પડતા ઉપર પાટુ મારે,
એક તારો આધાર. લીઓ દુઃખ—૫
દીન દયાળુ દયા કરોરે,
રૈયત થઇ છે રાંક;
સુખ શાંતીના દીન દેખાડો,
માફ કરી સૌ વાંક. લીઓ દુઃખ-

સમાપ્ત.

कवित.

अचल अडोल बोल, राज रीत बांह बल,
सागर गंभीर धीर गरीब निवाज हैं;
राग रंग रस रीत काव्य कलाविंग धुनी,
पींगल पुरा न ग्रंथ सहस्त्रनके साज हैं;
गज गति बांक पटा हयके हजार भेद,
तान टपा नटखेल न्याव साच बाज हैं;
चंदकुल जाम जदु सूरतेज बीभ माल,
ीकाळमांज आज हिंदनाकि माज हैं. ॥ १ ॥

આગળથી થયેલા ગ્રાહકોનાં નામ.

મનગરના ગ્રાહકો.

મેતા ભુધરજી ખુશાલચંદ
૬ ઘડીઆળી વેલજી આણંદજી
૧૨ શા. શામજી કાળા શા.
૧૦ મુકરાણી જમાદાર ગગુભાઈ મુરાદખાં.
૧૦ સે. ઈબ્રાહીમખાં મહમુદખાં
૧૦ જમા. વલીમામદ નથુભાઈ
૧૦ વીરચંદ નાનચંદ
૧૦ ઠકર. સોમચંદ કેશવજી
૧૦ ભટ. રામકૃષ્ણ દયારામ
૧૦ ઝવેરી. મુળચંદ કલ્યાણજી
૧૦ શા. પરશોત્તમ ટોકરશી
૧૦ દોશી. જેસંગ નેણશી
૧૦ ખવાસ. કલ્યાણજી કાનજી
૧૦ વોરા. મુસાજી અમીજી
૧૦ વોરા. ડાયા મકનજી
૫ ચાઉશ. મહંમદ હાજી
૫ રૂપશી પ્રેમજી
૫ મુકરાણી. દીનમહંમદ નુરમહંમદ
૫ વીરજી જસરાજ ઝવેરી
૫ જમા. અલીમહમદ નથુભાઇ
૫ શા. ભીમજી જીવા
૫ ઠકર. લીલાધર દામોદર
૫ દારોગા હસનભાઈ અલીભાઈ
૩ સેતા જીવુ મહંમદખાં
૨ ઓદા કરીમનખાં સેતા.
૨ સુવાર. ખીમજી ધનજી
૨ જોશી. ધરમશી ઘેલા
૨ રાજગર. ચત્રભુજ કાનજી
૨ સેતા. આલમખાં જીવા
૨ મેરાઈ ગોરધન પુંજા